ગાંધીનગર સમાચાર

૩. ૫૦૦-૧૦૦૦ની વધુ ૨૮ નકલી ચલણી નોટ બેંકમાં જમા થઈ

@ગાંધીનગર

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૩-બી પ્લોટ નં. ૧૩૬૯/૧ ખાતે આનંદનો ગરબો અલકાબેન પટેલના નિવાસસ્થાને બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા સે-૩-ડી રામેશ્વર મંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● ડૉ. બાબા સાહેબ આંબેડકર પરિનિર્વાણ દિન નિમિત્તે જિલ્લા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલા અને હોદ્દેદારો સવારે ૯.૩૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે.

લગ્નસરાને પગલે હાઈ-વે પર ચક્કાજામ

ગાંધીનગર-અમદાવાદના માર્ગો પર કલાકો સુધી વાહનોની લાંબી કતારના દૃશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં લગ્નસરાની સીઝન સાથે જ માર્ગો પર ટ્રાફિક સમસ્યા વિકટ બનતી જાય છે. છેલ્લા બે દિવસથી ગાંધીનગર અમદાવાદને જોડતા હાઈ-વે પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાઈ રહ્યા છે. ભારે ચક્કજામ થતા ત્રણ ત્રણ કિલોમીટર લાંબી લાંબી વાહનોની કતારો જોવા મળી રહી છે. ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાતા વાહન ચાલકોને કલાકો સુધી વાહનમાં બેસી રહેવાનો વારો આવ્યો હતો. મોડી રાત્રે ૧૨ વાગ્યા પછી આ ટ્રાફિક હળવો થયો હતો.

શિયાળાની શરૂઆત થતા શહેરમાં ફુલ ગુલાબી ઠંડીની સાથે લગ્નસરાની સિઝન પણ ખીલી ઉઠી છે. ડિસેમ્બર માસના પ્રારંભે જ અસંખ્ય લગ્નો થયા હતા ત્યારે ગત રોજ ખુબ જ મોટી સંખ્યામાં એક સાથે અનેક સ્થળોએ લગ્નો યોજાયા હતા. આ સાથે ગાંધીનગર-અમદાવાદને જોડતા ગાંધીનગર ઈન્દિરા બ્રિજ તેમજ ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલા સંખ્યાબંધ પાર્ટીપ્લોટમાં લગ્ન સમારોહ યોજાયા હતા. જેને લઈ આ બંને હાઈવે વાહનોથી જામ થઈ ગયા હતા અને ચારે બાજુ ચક્કાજામ થઈ ગયો હતો. આથી પાંચ પાંચ કિમી લાંબી ગાડીઓની કતારો જોવા મળી હતી અને કલાકોના કલાકો વાહનો ચાલુ રાખી કાર ચાલકો કારમાં જ બેસી રહ્યા હતા. બીજી તરફ ટુ વ્હીલર વાહનચાલકો પરિવાર સાથે ઠંડીમાં હાઈ-વે પર ઠરી ગયા હતા. મોટા મોટા કન્ટેનર અને ટ્રક આ હાઈ-વે પરથી પસાર થતા વારંવાર ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાય છે. ગત રોજ ઈન્દીરા બ્રિજથી ગાંધીનગર-એસ.પી. રીંગ રોડ, કોબા સર્કલ, વૈષ્ણોદેવી સર્કલ, નિરમા યુનિ., અડાલજ રીંગ રોડ વગેરે સ્થળોએ ભારે ચક્કાજામ થયો હતો.

ચક્કાજામ થતા માર્ગ પરથી પસાર થતા કેટલાક સેવાભાવી વાહનચાલકોએ પોતાના વાહન સાઈડમાં મુકી સ્વંય ટ્રાફિક હળવો કરવા ટ્રાફિક પોલીસની વ્હારે દોડી આવ્યા હતા અને કલાકોની જહેમત ઉઠાવી હતી અને બાદમાં ૧૨ વાગ્યાની આસપાસ તમામ હાઈ-વે પર ટ્રાફિક હળવો થયો હતો.

વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન દેવાંગનની સર્વ શિક્ષા અભિયાનમાં બદલી કરાઈ છે. જયશ્રીબેને સોમવારે સર્વ શિક્ષા અભિયાનનો ચાર્જ સંભાળી લીધો હતો.

● સે-૨૪ ચાર રસ્તા સર્કલેથી બાઈકના પાછળના હુક પર ગેસનો બાટલો લટકાવી એક બાઈક સવાર પસાર થઈ રહ્યો હતો અહીં બનાવેલા સ્પીડબ્રેકર પર બાઈકની સ્પીડ તેણે ધીમી ના કરતા ગેસની બોટલ ઉછળીને રોડ પર પડી હતી જે પાછળથી આવતી કારની નીચે ફસાઈ જવા પામી હતી પરંતુ સદભાગ્યે કોઈ મોટી હોનારત સર્જાઈ નહોતી.

જિલ્લાની સ્કાઉટ ગાઈડ રેલીમાં જનરલ ચેમ્પિયનશીપ

ગાંધીનગર, તા.૫

૧-૧૨-૧૬ થી તા. ૨-૧૨-૧૬ દરમિયાન યોજાયેલ સ્કાઉટ ગાઈડ રેલીમાં ગાંધીનગર સેકટર-૭માં આવેલ શ્રી જેમ. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેટ)ની ગાઈડ ટુકડીએ 'જનરલ ચેમ્પિયનશીપ' મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. તદ્ઉપરાંત વિવિધ સ્પર્ધાઓમાં પણ વિજેતા બનેલ છે. સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા જિલ્લા રેલીનું આયોજન બ્રાઈટ સ્કૂલ, કરાઈ ગામ - વલાદ ખાતે થયેલ હતું. શાળાના આચાર્યા બેન સંતોકબેન ચૌધરી તથા પ્રવૃત્તિ માર્ગદર્શન આપનાર વિનાક્ષીબેન સુતરિયા તથા હેતલબેન દેસાઈ તથા શાળા પરિવારે બાળાઓને હાર્દિક અભિનંદન પાઠવેલ છે. વિજેતા બહેનોના નામ નીચે મુજબ છે.

(૧) ગાંઠો સ્પર્ધા - પરમાર ઈશિતા, ધોરણ-૯બી : પ્રથમ

(૨) છાવણી નિરીક્ષણ - સમગ્ર ગ્રુપ : ધોરણ-૯બી : પ્રથમ

(૩) કેમ્પ ફાયર - સમગ્ર ગ્રુપ : તૃતીય

દેશની દરિયાઈ સીમાની સુરક્ષા કરતી નૌ સેનાએ તા. ૫મી ડિસેમ્બરે ૪૬મો નેવી ડે ઉજવ્યો હતો. ગાંધીનગર ખાતે વિકસાવાયેલા ગુજરાત, દમણ અને દીવ નૌ સેના હેડ કવાર્ટર 'નેવી હાઉસ' ખાતે આ પ્રસંગે રાજયના રાજયપાલ ઓમ પ્રકાશ કોહલીએ ઉપસ્થિત રહી કેક કાપી ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત, દમણ અને દીવ નૌ સેનાના ફલેગ ઓફિસર રીઅર એડમિરલ સંદીપ બીચા સહિતના નૌ સેનાના અધિકારીઓ તથા નાગરિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભારતીય વાયુ સેનાના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ-સ્વાકન એર માર્શલ આર.કે. ધીર તથા ગુજરાત સરકારના મુખ્ય સચિવ જે.એન. સીંઘ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ફલેગ ઓફિસર સંદીપ બીચાએ ભારતીય નૌ સેનાની દરિયાઈ સીમાડા સહિત દેશની સુરક્ષામાં ચોવીસે કલાક ભજવાતી મહત્વની ભૂમિકા તથા પરાક્રમો અંગે એક ફિલ્મ દર્શાવી નૌ સેનાની શૌર્યગાથા તથા તાકાત અંગે પ્રકાશ પાડયો હતો.

આદિશ્વર કૉલેજમાં યોજાયો 'એડવાન્સ ટેકનોલોજી વેબસાઈટ ઈન ડેવલોપમેન્ટ'નો વર્કશોપ

સાઈબર સિક્યુરીટી આજના ૪-જીના યુગમાં એક મોટો પડકાર : પ્રૉ. વિજય ગઢવી

ગાંધીનગર, તા.૫

આજના ડિજિટલ યુગમાં વેબસાઈટ ડેવલોપમેન્ટ અને સિકયુરિટીનું દરેક ક્ષેત્રમાં ખૂબ જ મહત્ત્વ છે. આ વિષયને સમજાવતો એક દિવસીય વર્કશોપ 'એડવાન્સ ટેકનોલોજી વેબસાઈટ ઈન ડેવલોપમેન્ટ', સોમવાર, તારીખ ૫, ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ શહેરની આદિશ્વર કૉલેજ ઑફ ટેકનોલોજી (વિનસ) ખાતે યોજાયો હતો.

આ વર્કશોપનું આયોજન આદિશ્વર કૉલેજ અને **Compindia Technogies**ના સંયુકત્ ઉપક્રમે યાજાયો હતો. આ વર્કશોપમાં વેબસાઈટ ડિઝાઈનીંગ અને ડેવલોપમેન્ટ દ્વારા પોતાની બ્રાન્ડની ઓળખ અને વિશિષ્ટતા કઈ રીતે જાળવી રાખવી તથા સર્ચ એન્જિન ઓપ્ટીમાઈઝેશનના વિવિધ પાસાઓની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત જૂમલા, વર્ડપ્રેસ, એડવાન્ડ પીએચપી/ સીએસએસ, ડેટાબેસ એપ્લીકેશન અને એડવાન્સ સિક્યુરિટી વિસે માહિતી લાઈવ ડેમો દ્વારા આપવામાં આવી હતી.

આ વર્કશોપમાં કોમ્પ્યુટર એન્જીનીયરીંગના ૭૫થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ વિષે વધુ માહિતી આપતા પ્રો. વિજય ગઢવી, એચઓડી, કોમ્પ્યુટર એન્જી. ડિપાર્ટમેન્ટ, આદિશ્વર કૉલેજ જણાવે છે કે 'છેલ્લા એક વર્ષમાં વેબસાઈટ હેકીંગના કિસ્સાઓ વધવા લાગ્યા છે. જેને અટકાવવા માટે વેબસાઈટ ડેવલોમપેન્ટ દરમિયાન જ વેબસાઈટ સિક્યુરિટીના વિવિધ પાસાઓ આવરી લેવા ખૂબ જ જરૂરી છે.'

Compindia Technogiesના ડાયરેકટર શુભમ મિક્ષા જણાવે છે કે 'માનનીય વડાપ્રધાન ના ડિજિટલ ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયા'ના કેમ્પેનીંગ હેઠળ ભારતમાં આવનારા સમયમાં વેબસાઈટ ડેવલોપમેન્ટ ક્ષેત્રે ખૂબ જ ઉજવળ તકો રહેલી છે. જેથી વિદ્યાર્થીઓને આ ક્ષેત્રનું લેટેસ્ટ ટેકનોલોજીનું જ્ઞાન હોવું ખૂબ જ જરૂરી છે. જેને આ વર્કશોપ દ્વારા આવરી લેવાનો આશરો અનોખો પ્રયાસ હતો.

પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષા ૧૫મી ડિસેમ્બરથી : આજથી હોલ ટીકીટ ડાઉનલોડ કરી શકાશે

ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક તથા માધ્યમિકની ચિત્રકામ પરીક્ષા-૨૦૧૬ તા.૧૫મીથી તા. ૧૭મી ડિસેમ્બર દરમિયાન યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આ પરીક્ષા માટે પરીક્ષાર્થીની હોલ ટીકીટ તા. ૬ઠ્ઠી ડિસેમ્બર મંગળવારથી બોર્ડની વેબસાઈટ **www.sebexam.org** પરથી ડાઉનલોડ કરી શકાશે.

પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષા-૨૦૧૬ની હોલ ટીકીટ ડાઉનલોડ કરવા માટે પરીક્ષાર્થીએ કન્ફર્મેશન નંબર તથા જન્મતારીખ નાંખવાની રહેશે. આ અંગે રાજય પરીક્ષા બોર્ડના સચિવે રાજયના તમામ શિક્ષણાધિકારીઓ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને લેખિત જાણ કરી તમામ સંબંધિત શાળાઓ તથા વિદ્યાર્થીઓને જાણ કરવાની તાકીદ કરી છે.

૩. ૫૦૦-૧૦૦૦ની વધુ ૨૮ નકલી ચલણી નોટ બેંકમાં જમા થઈ

એસબીઆઈ મુખ્ય શાખાના કેશ ઓફીસરે નોંધાવી પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં નકલી ચલણી નોટો ખુબ ફરી રહી હોવાના સંકેત બેંકોમાં તબક્કાવાર જમા થઈ રહેલી નકલી નોટો જ આપી રહી છે. એસ.બી.આઈ. મુખ્ય શાખાના કેશ ઓફીસર ડાહ્યાભાઈ કરશનભાઈ પટેલે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે એસબીઆઈ બેંકમાં ફેબ્રુઆરીથી ઓકટોબર દરમિયાન તબક્કાવાર રૂ. ૧૦૦, ૫૦૦ અને ૧૦૦૦ની કુલ ૨૮ નકલી ચલણી નોટો કોઈ થપાવીને ચાલ્યું ગયું છે. આ મામલે દેશના અર્થતંત્રને તોડી પાડવાના કાવતરા સંદર્ભે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી એલસીબી પીએસઆઈ આર.એન. વાઘેલાએ વધુ તપાસ શરુ કરી છે.

સમાજ સુરક્ષા ખાતામાં કલાર્ક તરીકે ફરજ બજાવતી યુવતી લાપતા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૭ ખાતે રહેતી અને જુના સચિવાલયમાં સમાજ સુરક્ષા ખાતામાં કલાર્ક તરીકે ફરજ બજાવતી ૨૪ વર્ષીય અપરિણીત યુવતી કિંજલ બે દિવસ પહેલા ત્રીજી ડિસેમ્બરે સવારે ઘરેથી ઓફીસે જવાનું કહીને નીકળી હતી. આજે બે દિવસ થી ગયા બાદ પણ કિંજલ ઘરે પરત ફરી નથી. કિંજલના પરીવારજનોએ રાત દિવસ શોધખોળ કરવા છતા તેણીનો આજ દિન સુધી કોઈ પત્તો મળ્યો નથી. બહેનના ગુમ થયા અંગે ભાઈ હિતેને સે-૭ પોલીસ મથકમાં જાણવા જોગ નોંધાવતા પોલીસે શોધખોળ શરુ કરી છે.

કોર્ટ કંપાઉન્ડમાંથી પોલીસ કોન્સ્ટેબલનું બાઈક ચોરાયું

ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ કોર્ટ ડયુટીમાં આવ્યા હતા

ગાંધીનગર, તા.૫

ચાંદખેડા પોલીસ સ્ટેશનમાંથી કોર્ટ ડયુટીમાં ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટ સે-૧૧ ખાતે આવેલા પોલીસ કોન્સ્ટેબલનું કોર્ટ કંપાઉન્ડમાંથી બાઈક ચોરી થઈ જવા પામ્યું છે. કોન્સ્ટેબલે સે-૭ પોલીસ મથકમાં બાઈક ચોરી અંગે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

મળતી માહીતી મુજબ ગાંધીનગર નજીક મોટી આદરજ ગામમાં રહેતા હર્ષદભાઈ લાલજી ઠાકોર ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. પાંચ દિવસ પહેલા કોર્ટ ડયુટીમાં કોન્સ્ટેબલ હર્ષદભાઈ પોતાનું બાઈક લઈને ગાંધીનગર કોર્ટમાં આવ્યા હતા. ૧લી ડિસેમ્બરે પોતાનું સ્પ્લેન્ડર બાઈક નં. જીજે ૧૮ સીબી ૮૬૫૨ લઈને કોર્ટમાં આવ્યા બાદ હર્ષદભાઈએ બાઈક કોર્ટ કંપાઉન્ડમાં પાર્ક કર્યુ હતું. ૧૧ વાગ્યે કોર્ટમાં ગયા બાદ બપોરે કોર્ટનું કામ પતાવી હર્ષદભાઈ બે વાગ્યે પરત ફર્યા ત્યાં સુધીમાં તેમનું બાઈક ગાયબ હતું. કોઈ વાહનચોર રૂ. ૨૫ હજારની કિંમતનું બાઈક ચોરી કરી ફરાર થઈ ગયો હતો. સે-૭ પોલીસ મથકમાં બાઈક ચોરી અંગે હર્ષદભાઈએ ફરિયાદ આપતા સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને બાઈકની શોધખોળ શરુ કરી છે.

મોપેડમાં દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા

રણાસણ સર્કલ પાસેથી ડભોડા પોલીસે બંનેને પકડીને ૩૮ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક રણાસણ સર્કલ પાસેથી વિદેશી દારૂની બોટલો થેલીમાં ભરીને મેસ્ટ્રો મોપેડ પર ફેરાફેરી થઈ રહી હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે વોચ ગોઠવીને એક કિશોર સહિત બે શખ્સોને દબોચી લીધા હતા. ૩૮ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી ડભોડા પોલીસે ઉંડી પુછતાછ શરુ કરી છે.

ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એન.એમ. ચૌધરી તથા તેમની ટીમને બાતમી મળી હતી કે ગ્રે રંગના નંબર વગરના મેસ્ટ્રો મોપેડ ઉપર બે શખ્સો લાલ બેગમાં દારૂની બોટલો ભરીને મોટા ચિલોડા તરફથી નરોડા તરફ જઈ રહ્યા છે. જેને આધારે રણાસણ સર્કલ પાસે વોચમાં ગોઠવાઈ જઈને ડભોડા પોલીસની ટીમે નાકાબંધી કરી મેસ્ટ્રો સાથે બે શખ્સોને પકડી પડયા હતા. મેસ્ટ્રો ચાલક મનોહરસિંહ રૂપસિંહ રાજપુત તથા તેની પાછળ બેઠેલા કાયદાના સંઘર્ષમાં આવેલો કિશોર બંનેને પકડી તેમની પાસેથી બે થેલા જપ્ત કર્યા હતા. આ થેલીમાંથી અલગ અલગ કંપનીની વિદેશી દારૂની ૩૮ બોટલ મળી આવતા રૂ. ૨૮,૩૦૦ની કિંમતનો દારૂ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. ડભોડા પોલીસે દારૂનો જથ્થો બે મોબાઈલ અને મોપેડ મળી કુલ રૂ. ૭૧૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વધુ પુછપરછ શરુ કરી છે. તપાસમાં અમદાવાદ શાહીબાગના દેવીસિંહ રાઠોડે દારૂનો જથ્થો મંગાવ્યો હોવાનું ખુલતા તે દિશામાં તપાસ શરુ કરી છે.

અક્ષરધામ હરિમંદિરનો પાટોત્સવ ઉજવાયો

ગાંધીનગરમાં આવેલ અક્ષરધામ હરિમંદિરનો ૨૦મો પાટોત્સવ તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૬મો પ્રતિક જન્મજયંતિ મહોત્સવ તા. ૪-૧૨-૨૦૧૬ના રોજ સાંજે ૪.૩૦ થી ૭.૦૦ દરમિયાન પૂ. આનંદસ્વરૂપ સ્વામી, પૂ. વિશ્વવિહારી સ્વામી, પૂ. ધર્મવત્સલ સ્વામી તેમજ અન્ય સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં ઊજવવામાં આવેલ.

પાટોત્સવની શરૂઆત વેદોક્ત મહાપૂજા દ્વારા થયેલ. ત્યારબાદ પ્રતિષ્ઠિત મૂર્તિઓનો કરન્યાસ તેમજ અંગન્યાસ થયેલ અને પછી મૂર્તિઓ પર પંચામૃત અને કેસર જળ વડે અભિષેક કરવામાં આવેલ. પાટોત્સવ વિધિના અંતે પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી પૂ. આનંદસ્વરૂપ સ્વામીએ ઉતારેલ. આ દર્શનનો લાભ ગાંધીનગર અને આસપાસના ૩૦૦૦ જેટલા ભક્તો-ભાવિકોએ લીધેલ. સાથે સાથે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો પ્રતિક જન્મજયંતિ ઉત્સવનો લાભ પણ ભક્તોને પ્રાપ્ત થયેલ.

અંતમાં પૂ. આનંદસ્વરૂપ સ્વામીએ પ્રવચનમાં પાટોત્સવનો મર્મ તેમજ પ્રમુખસ્વામી મહારાજના દિવ્યજીવનની ઝાંખી કરાવેલ.

સમસ્ત જણસારી જન ક્ષત્રિય મોચી સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૫

દેશ વિદેશમાં વસતા સમસ્ત મોચી સમાજના અપરણિત યુવક યુવતિઓ માટે સ્વર્ણીમ જીવનસાથી પસંદગી મેળાનું આયોજન આગામી તા. ૩૧-૧૨-૧૬ના રોજ સવારે ૯ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું છે.

સંસ્થા દ્વારા દરેક યુવક યુવતિઓને યોગ્ય જીવનસાથી મળી રહે તેવા ઉદેશ્ય સાથે પસંદગીમેળાનું આયોજન કરાયું છે. ફોર્મમાં અન્ય વિગતો આપવામાં આવેલ છે જે અંતર્ગત વેળાસર ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવવા નમ્ર અપીલ કરી છે. યુવતિઓ પસંદગી મેળામાં ભાગ લેશે તેમને આકર્ષક ભેટ આપવામાં આવશે. વધુમાં ફકત બુકલેટ માટે રૂ. ૨૫૦ ભરી અગાઉથી નોધણી કરાવવાની રહેશે. બુકલેટ કુરીયર દ્વારા મોકલવામાં આવશે. સંસ્થા દ્વારા છાપવામાં આવતી બુકલેટમાં જાહેરાત, શુભેચ્છા ભેટ આપવા અનુરોધ કરાયો છે. રજીસ્ટ્રેશન યુવકો માટે રૂ. ૪૦૦ યુવતિઓ માટે રૂ. ૨૦૦, શુભેચ્છા જાહેરાત રૂ. ૨૦૦, ૫૦૦, ૧૦૦૦, ૨૦૦૦, ૫૦૦૦ તથા શુભેચ્છા પેટે રૂ. ૧૦૦ અને વધુ સ્પોન્સર દાતાઓ આવકાર્ય છે. દાતાઓ અને મહાનુભાવોનું સન્માન કરવામાં આવશે.